## સંક્ષિપ્ત સમાચાર

### શ્રી દશા પોરવાડ જ્ઞાતિ સમાજ હાલોલ તથા શ્રીમાળી સોની સમાજના કુળદેવી શ્રીમહાલક્ષ્મી માતાજીનો પાટોત્સવ



**હાલોલ :** શ્રીમહાલક્ષ્મી માતાજીનું પ્રાગટ્ય સ્થાન રાજસ્થાન ના ભીલમાલ ખાતે આવેલું છે અને આ સાથે ભાદરવા સુદ નામ ના દિવસે પ્રાગટ્ય થયા હતા જેને લઈ ભારતભર માં વસતા માતાજીના ભક્તો આ દિવસે પ્રાગટ્ય દિન પાટઉત્સવ તરીકે તેની પૂજા અર્ચના પ્રાર્થના કરી ઉજવણી કરવામાં આવે છે શ્રી દશા પોરવાડ વણિક જ્ઞયાતિ સમાજ ના કુળ દેવી હોવાથી પ્રતિ વર્ષે ભાદરવા સુદ નોમ નાં દિવસે હાલોલ નગર સહિત પંથકમાં વસતા શ્રી દશા પોરવાડ જ્ઞાતિ સમાજ તથા શ્રીમાળી સોની સમાજના લોકો તેમના કુળદેવીનાં પાટોત્સવની આખો નોમ ના દિવસે ઉજવણી કરે છે. જે અંતર્ગત આજરોજ રવિવાર ની વહેલી સવારથી જ માતાજીના ભકતો નગરના મધ્યમ માં ખારિકુઈ પાસે આવેલ શ્રીમહાલક્ષ્મી માતાજી ના મદિરે મોટી સંખ્યામાં ઉમટી પડી માતાજીના ચરણોમાં શીશ નમાવી ધન્યતાને પામ્યા હતા. આજે વહેલી સવારે માતાજીની કેસર સ્નાન બાદ પૂજા, અર્ચના કરી સવારે દસ કલાકે મંદિર પરિસર માં શ્રીયજ્ઞનો આરંભ કરવામાં આવ્યો હતો.

### સીંગવડમાં ભમરેચી માતાના મંદિરના પટાંગણમાં ભાદરવા નોમ નિમીત્તે નેજા ઉત્સવની ઉજવણી કરાઇ



**સિંગવડ :** સિંગવડ તાલુકામાં આજે ભક્તિ અને આસ્થાનો સંગમ જોવા મળ્યો હતો. સિંગવડ સ્થિત કબુતરી નદીના કિનારે પ્રસિદ્ધ ભમરેચી માતાના મંદિરના પટાંગણમાં આવેલા રામદેવજી મંદિર ખાતે તેજા દશમ એટલે રામદેવજી ભગવાનની જન્મ જયંતી નિમિત્તે ભવ્ય ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારે 11:00 કલાકે ધજા રોહણના કાર્યક્રમથી ઉજવણીનો પ્રારંભ થયો હતો. રામદેવજી મંદિરના શિખર પર ધ્વજા સુમરણદાસજી, કબીર મંદિર દાસાના હસ્તે કરવામાં આવ્યું હતું. જ્યારે દાહોદ સાંસદ જશવંતસિંહ ભાભોર દ્વારા રામદેવજી ની આરતી ઉતારવામાં આવી હતી. આ કાર્યક્રમ મા ભક્તો દ્વારા પણ રામદેવજી મંદિરે ધ્વજા ચડવામાં આવી હતી.

### વિકસિત ભારત અંતર્ગત કાલોલની ધી એમ. જી. એસ. હાઇસ્કૂલમાં રંગોળીનું આયોજન કરાયું



**કાલોલ :** સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત આજ રોજ ધી એમ. જી. એસ. હાઈસ્કૂલ ખાતે માનવ સાંકળનું આયોજન કરવામાં આવ્યુ હતું. કુદરતી પદાર્થો/તેમજ કુદરતી રંગોનો ઉપયોગ કરી રંગોળીનું આયોજન કરવામાં આવ્યુ હતું. વિધાર્થીઓએ માનવ સાંકળ થી ભારતનો નકશો બનાવ્યો હતો જે આકર્ષણ નુ કેન્દ્ર બન્યો હતો. આ કાર્યક્રમમાં તમામ મિત્રો તથા આમંત્રિત મહેમાનો તેમજ શાળા પરિવારના સ્ટાફમિત્રો, વિધાર્થીઓ-વિધાર્થીનીઓ જોડાઇને આ કાર્યક્રમને ખૂબ સફળતાપૂર્વક પાર પાડવામાં આવ્યો હતો અને વિકસીત ભારતના આયોજનને સફળ બનાવ્યો હતો.

### દાહોદના સનાતન મંદિર ખાતે 'સ્વચ્છતા હી સેવા ૨૦૨૬' અંતર્ગત સફાઇ કાર્યક્રમ યોજાયો



**દાહોદ :** રાજ્યભરમાં યોજાઈ રહેલા 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત 'સ્વચ્છતા હી સેવા ૨૦૨૬' કાર્યક્રમ હેઠળ દાહોદ સ્મિત સનાતન મંદિર ખાતે સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ અભિયાન દાહોદના ધારાસભ્ય કનૈયાલાલ કિશોરી તથા ચીફ ઓફિસર દીપસિંહ હઠીલાના પ્રત્યક્ષ માર્ગદર્શન હેઠળ સંપન્ન થયો હતો. આ અભિયાનમાં દાહોદ નગરપાલિકાના પ્રમુખ, વિવિધ વોર્ડના નગરસેવકો, 'કલીન દાહોદ'ની ઉત્સાહી ટીમ. નગરપાલિકાના સ્વચ્છતા સિપાહીઓ તથા શહેરીજનો જોડાઈને સ્વચ્છતા પ્રવૃત્તિમાં સક્રિય ભાગ લીધો હતો. આ પ્રસંગે ધારાસભ્ય કનૈયાલાલ કિશોરીએ ઉપસ્થિત રહ્યા હતા શેહેરીજનોને જણાવ્યું હતું કે. 'સ્વચ્છતા એ માત્ર એક દિવસનું કાર્ય નથી પરંતુ આપણી દૈનિક જીવનશૈલીનો ભાગ હોવો જોઈએ.

---

**સુખસર-ફતેપુરા તાલુકામાં ચોમાસુ વરસાદના અભાવે નદી,નાળા,કુવા તળાવો ખાલીખમ : પશુપાલકોને ચિંતા વ્યાપી**

# સામાન્ય વરસાદથી મકાઈ જેવા પાકોને જીવતદાન મળ્યું

**વરસાદના અભાવે રવિ સિઝન માટે ખેડૂતો ચિંતિત: આવનાર સમયમાં પીવાના પાણી કટોકટી સર્જાવાના એંધાણ**

(પ્રતિનિધિ) સુખસર,તા.21

સુખસર તથા ફતેપુરા તાલુકામાં ચોમાસાના મોટાભાગનો સમય વીતી જવા છતાં આજદિન સુધી નદી,નાળા મા નીર આવ્યા નથી.તેમ જ હાલ નદી,નાળા,કૂવા,તળાવો ખાલીખમ જોવા મળે છે.અને હાલ જેવી સ્થિતિ આગલા દિવસોમાં થશે તો રવિ સિઝન માટે ખેડૂતોને હાલથી જ હાથ ધોઈ નાખવાનો સમય ઊભો થયો હોય તેમ જણાય છે.તેમજ



આવનાર સમયમાં ખેતીવાડી તો ઠીક પરંતુ પીવાના પાણીની વિકટ સમસ્યા ઊભી થાય તેવા સંજોગો જણાઈ રહ્યા છે. ચોમાસાના પોણા ભાગના દિવસો પસાર થઈ ચૂક્યા બાદ પણ ફતેપુરા તથા સુખસર તાલુકામાં સામાન્ય વરસાદ થયો છે.હાલ સુધી ધોધમાર કે મેઘમહેર કહી શકાય તેવા વરસાદનો અભાવ છે.અને સમયાંતરે એકદમ સામાન્ય કહી શકાય તેવા વરસાદી પાણીથી મકાઈ તુવર ડાંગર સોયાબીનની ખેતી જેમ તેમ પાકણી તરફ જઈ રહી છે.જ્યારે ઓગસ્ટના છેલ્લા દસ દિવસોમાં ગરમી તથા સામાન્ય કહી શકાય તેવા વરસાદના અભાવે મકાઈ જેવા પાકો નિષ્ફળતાના આરે પહોંચી ચૂક્યા હતા.પરંતુ ત્યારબાદ 12,13 તથા 14 ઓગસ્ટ 2026 ના રોજ સામાન્ય કહી શકાય તેવો વરસાદ થતાં મકાઈ, તુવર,સોયાબીન જેવા પાકોને જીવત દાન મળતા ખેડૂતો થોડા ચિંતામુક્ત થયા છે.પરંતુ ડાંગરના પાક માટે ખેડૂતો ચિંતામાં મુકાયેલા નજરે પડે છે.ચાલુ વર્ષે ચોમાસુ પાકોમાં ખેડૂતોને મોટી નુકસાની ભોગવવાનો સમય આવતા ખેડૂતો પાયમાલી તરફ ધકેલાઈ રહ્યા છે.

તેમજ હાલના સંજોગોને જોતાં આવનાર શિયાળા, ઉનાળાની સિઝનમાં પીવાના પાણીની પણ ગંભીર કટોકટી સર્જાવાના એંધાણ પણ જણાઈ રહ્યા છે. અહીંયા જણાવવું ખાસ જરૂરી છે કે,સરકારી ચોપડાઓમાં સરકાર દ્વારા સુખસર તથા ફતેપુરા તાલુકામાં કદાચ સારો વરસાદ થયેલ હોવાના આંકડા બતાવાતા હોય પરંતુ સ્થાનિક જગ્યાએ જોતા હકીકત અલગ જોવા મળે છે.

હજી ચોમાસુ દિવસો બાકી છે અને નદી,નાળા,તળાવો અને કુવાઓમાં પાણીનો સંગ્રહ થશે તેવી આશા બંધાયેલી છે.અને વરસાદ થાય તો જ આવનાર સમયમાં રવિ સિઝનની ખેતીવાડી તથા પીવાના પાણીની સમસ્યા દૂર થશે.સુખસર તથા ફતેપુરા તાલુકામાં હાલ સુધીમાં ખેડૂતો સહિત પ્રજાને સંતોષકારક કહી શકાય તેવો વરસાદ થયેલ નથી. અને હવે વરસાદ થશે કે કેમ તેવા ખેડૂતોમાં પ્રશ્નો ઉઠી રહ્યા છે.

### ત્રણ દિવસના વિરામ બાદ કાલોલ પંથકમાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી

કાલોલ : આજે બપોરના સાડા ત્રણ વાગ્યાના સુમારે ભારે બફારા અને ઉકળાટ વચ્ચે અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો. આકાશમાં કાળા ડિબાંગ વાદળો છવાઈ ગયા હતા અને ભારે પવન ફૂંકાવા લાગ્યો હતો. જોતજોતામાં કાલોલ શહેર સહિત તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ધોધમાર વરસાદ શરૂ થયો હતો. જ્યાં છેલ્લા ત્રણ દિવસથી વરસાદ ખેંચાતા લોકો ભારે ઉકળાટ અને બફારાથી ત્રાહિમામ પોકારી ગયા હતા. આજે વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી અને લોકોએ ગરમીથી રાહત અનુભવી હતી.બીજી તરફ આ વરસાદ ખેતી માટે પણ આશીર્વાદરૂપ સાબિત થયો છે. હાલ ખેતરોમાં ડાંગર, મકાઈ સહિતના પાકો ઉભા છે ત્યારે આ વરસાદથી પાકને જીવતદાન મળ્યું હોવાનું ખેડૂતો જણાવી રહ્યા છે. વરસાદને કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાના પણ દ્રશ્યો જોવા મળ્યા હતા.

---

**અમદાવાદ-ઇન્દોર હાઇવે પર કાળો કારોબાર?**

## એક્સપાયરી ડેટની દવાઓનો મોટો જથ્થો સળગાવવાનો પ્રયાસ

**આરોગ્ય વિભાગ સામે ઉઠ્યા સવાલો ઉભા કરતો કિસ્સો**

(પ્રતિનિધી) દાહોદ, તા.21

દાહોદ નજીક ઈન્દોર-અમદાવાદ હાઈવે પાસે એક અત્યંત ગંભીર બેદરકારીનો કિસ્સો સામે આવ્યો છે. હાઈવે નજીક આવેલા એક ખાડામાં મોટા પ્રમાણમાં એક્સપાયર થયેલી દવાનો જથ્થો ઠાલવીને તેને બાળવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.આ ઘટના દરમિયાન હાઈવે પરથી પસાર થતા સ્થાનિક લોકો અને વાહનચાલકોની નજર આ દ્રશ્યો પર પડતાં લોકોમાં ભારે રોષ વ્યાપી ગયો હતો. જાહેર સ્થળે આવી રીતે દવાઓ ફેંકીને સળગાવવી એ લોકોના આરોગ્ય અને પર્યાવરણ



સાથે મોટો ખીલવાડ સમાન છે.હવે સવાલ એ ઊભો થાય છે કે આ એક્સપાયર્ડ દવાનો મોટો જથ્થો આખરે કોનો છે? શું દાહોદ જિલ્લા આરોગ્ય વિભાગ આ મામલે યોગ્ય અને તટસ્થ તપાસ કરશે? સ્થાનિક લોકોમાં માંગ ઉઠી છે કે આવી ગંભીર બેદરકારી દાખવનાર એજન્સી અને તેના સંચાલક સામે આરોગ્ય વિભાગ વહેલામાં વહેલી તકે સખત કાનૂની કાર્યવાહી કરે તેવી માંગ ઉઠી રહી છે

### ફતેપુરા તાલુકાના મોટી શેરો ગામ પાસે બસ-બાઈક વચ્ચે અકસ્માત



દાહોદ : દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના મોટી શેરો ગામ પાસે આવેલી શેરો ચોકડી નજીક એક સરકારી બસ અને મોટર સાયકલ વચ્ચે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં ૨૫ વર્ષીય મોટર સાયકલ ચાલકને મોત નીપજ્યું હોવાનું તથા અન્ય એકને ગંભીર ઈજાઓ થતાં તેને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાનું જાણવા મળ્યું છે.

---

**સંજેલી પત્રકાર ગ્રુપે પ્રથમ વખત 52 ગજની ધજામાં અંબાને અર્પણ કરી**

## સંજેલીથી ખેડબ્રહ્મા સુધી 52 ગજની ધજા સાથે ભક્તિમય પગપાળા યાત્રા

(પ્રતિનિધી) સંજેલી, તા.21

સંજેલી પત્રકાર ગ્રુપે પોતાના 16મા વર્ષમાં પ્રવેશના મંગલ પ્રસંગે પ્રથમ વખત 52 ગજની ધજા સાથે માતાજીના દર્શન અને ધજા અર્પણ કરવાની ધાર્મિક યાત્રા યોજી હતી. યાત્રાની શરૂઆત સંજેલીના કોટા મહાકાળી માતાના મંદિરેથી કરવામાં આવી હતી. અહીં શ્રદ્ધાળુઓએ શ્રીફળ વધેરી માતાજીની પૂજા-અર્ચના કરી હતી. ત્યારબાદ "બોલ માડી અંબે... જય જય અંબે"ના જયઘોષ સાથે સંઘ પગપાળા અંબાજી ધામ તરફ રવાના થયો હતો. જયઘોષ અને



ભક્તિગીતોથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. સંજેલીથી ખેડબ્રહ્મા સુધીની આ યાત્રામાં સંઘના સભ્યો અને શ્રદ્ધાળુઓએ લાંબું અંતર પગપાળા કાપીને 52 ગજની ધજા સાથે ખેડબ્રહ્મા ખાતે નાના અંબાજી ધામે પહોંચ્યા હતા. મંદિર ખાતે ધાર્મિક વિધિ અને પૂજા-અર્ચના કર્યા બાદ 52 ગજની ધજા માતાજીને અર્પણ કરવામાં આવી હતી. ધજા અર્પણ કર્યા બાદ ભક્તોએ માં જગદંબાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. યાત્રા દરમિયાન શ્રદ્ધાળુઓમાં માતાજી પ્રત્યેની અખૂટ શ્રદ્ધા અને અતૂટ ભક્તિ જોવા મળી હતી. સંજેલીથી શરૂ થયેલી આ ભક્તિમય પગપાળા યાત્રા દરમિયાન નાના અંબાજી ધામે ધજા અર્પણ કર્યા બાદ સંઘ હવે અંબાજી ધામમાં માં અંબે અને ગબ્બરના દર્શન માટે આગળ પ્રયાણ કરશે.

---

**ચાકલીયાથી લીમડી તરફના માર્ગનો બનાવ**

## બે બાઈક વચ્ચેની અથડામણમાં આધેડ મહિલાનું મોત નીપજ્યું

(પ્રતિનિધી) દાહોદ, તા.21

ગોવિંદગુરુ લીમડી તાલુકાના કાકરાકુવા ગામે મછાર ફળિયામાં રહેતા રાકેશભાઈ દેશુભાઈ કિશોરી તથા તેની માતા ૪૬ વર્ષીય જવાબેન દશુભાઈ કિશોરી એમ બંને જણા ગઈકાલે બપોરના ત્રણેક વાગ્યાના સુમારે હોન્ડા કંપનીની જીજે ૨૦ એએસ ૭૭૯૦ નંબરની હોન્ડા કંપનીની મોટરસાયકલ લઈ બાલવાસાથી પોતાના ઘરે આવી રહ્યા હતા. તે દરમિયાન ચાકલીયા તળાવ ફળિયામાં ચાકલીયાથી લીંબડી તરફ જતા રોડ પર પાછળથી પૂર ઝડપે અને ગફલત ભરી રીતે દોડી આવતી જીજે ૨૦ એડી ૧૯૭૦ નંબરની હિરો પેશન પ્રો. મોટરસાયકલે પાછળથી રાકેશભાઈ કિશોરીની મોટરસાયકલને જોશભેર ટક્કર મારી પોતાની મોટરસાયકલ સ્થળ પર મૂકી નાસી જતા સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં હોન્ડા કંપનીની મોટરસાયકલ પર સવાર રાકેશભાઈ જશુભાઈ કિશોરી તથા તેની માતા જવાબેન દશુ ભાઈ કિશોરી મોટર સાયકલ પરથી ફંગોળાઈ રોડ પર પટકાતા બેનને કપાળના ભાગે ગંભીર ઈજાઓ થવા પામી હતી. જ્યારે રાકેશભાઈ કિશોરીને શરીરે તેમજ જમણા હાથે નાની-મોટી ઈજાઓ થવા પામી હતી. ઘટનાની જાણ થતા જ આસપાસના લોકો ઘટના સ્થળે દોડી આવ્યા હતા. અને ઉપરોક્ત બંને ઈજાગ્રસ્ત મા- દીકરાને સારવાર અર્થે ૧૦૮ મારફતે લીમડી સરકારી દવાખાને મોકલી આપ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન જવાબેન દસુભાઈ કિશોરીનું મોત નીપજ્યું હતું. આ સંબંધે કાકરાકુવા ગામના મછાર ફળિયાના દશુભાઈ હુરજીભાઈ કિશોરીએ ચાકલિયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા, પોલીસે આ સંદર્ભે હીરો પેશન પ્રો મોટરસાયકલના ચાલક વિરુદ્ધ ફેટલનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.


## ઝાલોદથી ગરાડુ વાયા કાળીયાથી નવી એસટી બસોની ટ્રીપો ચાલુ કરવા માંગ

(પ્રતિનિધી) સુખસર, તા.21

સુખસરથી કાળિયા થઈ પસાર થતા ગરાડુ જતા ઝાલોદ ફતેપુરા માર્ગને જોડતો ડબલ પટ્ટી વ્યવસ્થિત માર્ગ આવેલ છે.તેમ જ આ માર્ગ રાજસ્થાનમાં પ્રવેશ કરવા માટે શોર્ટકટ રસ્તો છે.તેમજ આ માર્ગને બન્યાને આશરે પાંચેક વર્ષનો સમય વીતી જવા છતાં આ માર્ગ ઉપર એસટી બસની સુવિધા આપવામાં આવેલ નથી.જ્યારે સિંગલ પટ્ટી રસ્તો હતો ત્યારે એસટી બસની ત્રણેક જેટલી ટ્રિપો ચાલુ હતી.પરંતુ ડબલ પટ્ટી માર્ગ થયા પછી આ માર્ગ ઉપર એસટી બસો બંધ કરી દેવામાં આવી હતી.જેથી મુસાફર જનતા સહિત શાળા કોલેજોમાં અભ્યાસ અર્થે જતા વિદ્યાર્થીઓ ખાનગી વાહનોનો સહારો લઈ અપ ડાઉન કરી રહ્યા છે. જોકે હાલમાં સવારના ઝાલોદથી 8:30 કલાકના અરસામાં એસટી બસ ઉપડી ગરાડુ,કાળિયા થઈ સુખસર નવેક વાગ્યાના અરસામાં પહોંચી રહી છે.પરંતુ આ એસટી બસનો સમય બદલી ઝાલોદથી 10:00 વાગ્યાના સમયે ઉપડી સુખસર તરફ રવાના કરાય તો શાળામાં અભ્યાસ કરવા જતા વિદ્યાર્થીઓને તથા તાલુકાના તેમજ વિવિધ કામ અર્થે અવરજવર કરતા મુસાફરોને આ બસ સુવિધાનો લાભ મળી શકે તેમ છે.અને એસટી બસને પણ આવક થઈ શકે તેમ છે. અત્રે નોંધનિય બાબતએ પણ છે કે,હાલમાં જે એસટી બસ ઝાલોદ થી ગરાડુ,કાળીયા થઈ સાગડાપાડા, સંજેલી રૂટ ઉપર ચાલી રહી છે. તેમાં કાળિયાથી સુખસરનું અંતર માત્ર પાંચથી સાડા પાંચ કિલોમીટર જેટલું છે.પરંતુ કાળિયાથી ટિકિટ ભાડાના 19 રૂપિયા વસુલાત કરવામાં આવી રહ્યા છે. આ બાબતે કંડકટરને પૂછતા તેઓએ જણાવ્યું હતું કે,ટિકિટ મશીનમાં કાળીયા ગામનો ઉલ્લેખ નથી પરંતુ કાળીયા ચોકડી બતાવે છે. ત્યારે આ કાળીયા ચોકડી ઝાલોદ ફતેપુરા માર્ગ ઉપર ગરાડુથી કાળીયા તરફ આવવા પડતી ચોકડી છે.

## કાલોલ બસ સ્ટેન્ડમાં આગથી અફરાતફરી, વડોદરા-ફતેપુરા બસમાં શોર્ટ સર્કિટથી ભડકો


કાલોલ : કાલોલ બસ સ્ટેન્ડ ખાતે આજે સવારે એક મોટી દુર્ઘટના થતા રહી ગઈ હતી. વાઘોડિયા ડેપોની વડોદરા થી ફતેપુરા તરફ જતી એસ.ટી બસમાં અચાનક શોર્ટ સર્કિટના કારણે આગ લાગતા બસ સ્ટેન્ડમાં અફરાતફરી મચી ગઈ હતી. પ્રાપ્ત માહિતી અનુસાર, બસ



કાલોલ બસ સ્ટેન્ડમાં પ્રવેશી રહી હતી તે દરમિયાન જ એન્જિનમાંથી અચાનક ધુમાડા નીકળવા લાગ્યા હતા અને જોતજોતામાં આગની જ્વાળાઓ પ્રસરી હતી. બસમાં બેઠેલા મુસાફરોમાં આ જોઈને ભયનો માહોલ ફેલાયો હતો અને જીવ બચાવવા માટે મુસાફરો બસમાંથી ઉતરીને દોડવા લાગ્યા હતા.જોકે, આ ગંભીર પરિસ્થિતિમાં બસના ડ્રાઈવરે અદભૂત સૂઝબૂઝ દાખવી હતી.

## ઝાલોદથી સુખસર થઈ સંતરામપુર જતા માર્ગ ઉપર ખાડાઓનું પુરાણ કરવા માંગ

સુખસર : દાહોદ જિલ્લામાં જાહેર માર્ગોની મરામત માટે સરકાર દ્વારા લાખો રૂપિયા ખર્ચ કરવામાં આવે છે. પરંતુ કેટલાક માર્ગો ઉપર લાંબા સમયથી ખાડા પડી ગયેલ હોવા છતાં તેની મરામત કામગીરી નહીં કરાતા વાહન ચાલકો મુશ્કેલી ભોગવી રહ્યા છે.અને તેવી જ રીતે ઝાલોદથી સુખસર થઇ સંતરામપુર



જતા હાઈવે માર્ગ ઉપર કેટલીક જગ્યા ઉપર મોટા મોટા ખાડાઓ પડવા છતાં તેમાં કાંકરી પુરાણ કરી રોડની મરામત કામગીરી કરવામાં આવેલ હોવાનો સંતોષ માની લેવામાં આવતો હોવાનું જોવા મળે છે.તેવું જ સુખસરમાં ખારી નદીના પુલ પાસે મોટા ખાડાઓ લાંબા સમયથી પડેલ હોવા છતાં પણ તંત્ર દ્વારા માત્ર કાંકરા પુરાણ કરતા તે બે પાંચ દિવસમાં ફરીથી ખાડા પડવાની શરૂઆત થઈ જતા વાહન ચાલકો લાંબા સમયથી મુશ્કેલી ભોગવતા આવ્યા હોવાનું માલુમ પડ્યુ છે.

---

**જાહેર નોટીસ** — અરજદારના વ.શ્રી જી.સી.મછાર

**ઝાલોદના મહે. એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ સાહેબશ્રી ની કોર્ટમાં, મુ. ઝાલોદ**

ક્રિ. પ. અર. નં. ૪૨૫/૨૦૨૬ : મુદત તારીખ : ૨૩/૦૯/૨૦૨૬

અરજદાર : દામા સુમિત્રાબેન લાલસિંગભાઈ, રહે.નિશાળ ફળીયુ, ટિમાચી, તા. ઝાલોદ, જી. દાહોદ

સામાવાળા : તલાટી કમ મંત્રી, રામપુરા ગ્રુપ ગ્રામ પંચાયત, રામપુરા, તા. ઝાલોદ, જી. દાહોદ.

જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મ નોંધ કરાવવા અન્વયે નોટીસ

આથી આ નોટીસથી જાહેર જનતા તેમજ લાગતા વળગતા હિત ધરાવતા તમામ ઈસમોને આ નોટીસથી જણાવવામાં આવે છે કે, આ કામના અરજદારના પુત્રી સોનલબેન લાલસીંગભાઈ દામાનો જન્મ તા. ૦૫/૧૨/૨૦૧૪ના રોજ ટિમાચી મુકામે થયેલો જે તે સમયે કાયદાના અજ્ઞાનતા અને અભણ હોવાના કારણે તેમના પુત્રીની જન્મ નોંધણી સામાવાળા ત.ક.મંત્રીના જન્મ રજીસ્ટરે કરાવવાની રહી ગયેલ, હાલમા તેઓના પુત્રીને અભ્યાસ માટે તથા અન્ય સરકારી કામકાજ માટે જન્મના દાખલાની જરૂર પડેલ જેથી સામાવાળા ત.ક.મંત્રીને અરજી કરતા રેકોર્ડ તપાસી તા. ૨૪/૦૮/૨૦૨૬ના રોજ એવો દાખલો લખી આપેલ કે, તેમના પુત્રીનુ જન્મ રજીસ્ટરમાં નોંધાયેલ નથી અને જન્મનો દાખલો મેળવવા માટે અત્રેની નામદાર કોર્ટમાં ફોજદારી પરચુરણ અરજી નં. ૪૨૫/૨૦૨૬ થી થી દાખલ કરેલ છે. સદરહું જન્મનો દાખલો અરજદારના પુત્રીને આપવા સામે જે કોઈ ઈસમો કે લાગતા વળગતાને વાંધો યા તકરાર હોય તો તેઓએ મુદત તારીખ - ૨૩/૦૯/૨૦૨૬ ના રોજ સવારના ૧૦:૩૦ કલાકે નામદાર કોર્ટમાં વાંધો યા તકરાર રજુ કરવા. જો તેમ કરવામાં કસુર કરશો તો નામદાર કોર્ટ યોગ્ય તે હુકમ કરશે જેની નોંધ લેશો.

આજ તારીખ ૨૧મી સપ્ટેમ્બર સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

તૈયાર કરનાર (પી.પી.ગોંડલીયા) આસીસ્ટન્ટ — કોર્ટનો સિક્કો — જી.જી.પટેલ, રજિસ્ટ્રારશ્રી, એડી.ચીફ.જ્યુડી, મેજી.કોર્ટ, ઝાલોદ

**જાહેર નોટીસ** — અરજદારના વ.શ્રી જી.સી.મછાર

**ઝાલોદના મહે.એડી.ચીફ જ્યુડી, મેજિસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ઝાલોદ**

ક્રિ. પ. અ. નં. ૪૮૦/૨૦૨૬ મુદત તારીખ-૨૮/૦૯/૨૦૨૬

અરજદાર : વસૈયા અનિલકુમાર દલસીંગભાઇ, રહેવાસી ઝાબ ફળીયુ, જાફરપુરા, તા. ઝાલોદ, જી. દાહોદ

સમાવાળા : તલાટી કમ મંત્રી, જાફરપુરા, રહેવાસી ગ્રુપ ગ્રામ પંચાયત, જાફરપુરા, તા. ઝાલોદ, જી. દાહોદ

જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મ નોંધ કરાવવા અન્વયે નોટીસ

આથી આ નોટીસથી જાહેર જનતા તેમજ લાગતા વળગતા હિત ધરાવતા તમામ ઇસમોને આ નોટીસથી જણાવવામાં આવે છે કે, આ કામના અરજદારના પુત્ર જયરાજભાઇ અનિલકુમાર વસૈયાનો જન્મ તા. ૦૧/૦૧/૨૦૨૧ના રોજ જાફરપુરા મુકામે થયેલો જે તે સમયે કાયદાના અજ્ઞાનતા અને અભણ હોવાના કારણે તેમના પુત્રની જન્મ નોંધણી સામાવાળા ત.ક.મંત્રીના જન્મ રજીસ્ટરે કરાવવાની રહી ગયેલ, હાલમાં તેઓના પુત્રને અભ્યાસ માટે તથા અન્ય સરકારી કામકાજ માટે જન્મના દાખલાની જરૂર પડેલ જેથી સામાવાળા ત.ક.મંત્રીને અરજી કરતા રેકર્ડ તપાસી તા. ૧૦/૦૯/૨૦૨૬ના રોજ એવો દાખલો લખી આપેલ કે, તેમના પુત્રનુ જન્મ રજીસ્ટરમાં નોંધાયેલ નથી અને જન્મનો દાખલો મેળવવવા માટે અત્રેની નામદાર કોર્ટમાં ફોજદારી પરચુરણ અરજી નં.૪૮૦/૨૦૨૬ થી થી દાખલ કરેલ છે. સદરહું જન્મનો દાખલો અરજદારના પુત્રને આપવા સામે જે કોઇ ઇસમો કે લાગતા વળગતાને વાંધો કે તકરાર હોય તો તેઓએ મુદત તારીખ - ૨૮/૦૯/૨૦૨૬ ના રોજ સવારના ૧૦:૩૦ કલાકે નામદાર કોર્ટમાં વાંધો કે તકરાર રજુ કરવા. જો તેમ કરવામાં કસુર કરશો તો નામદાર કોર્ટ યોગ્ય તે હુકમ કરશે જેની નોંધ લેશો.

આજ તારીખ ૨૧મી સપ્ટેમ્બર સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

તૈયાર કરનાર (પી.પી.ગોંડલીયા) આસીસ્ટન્ટ — કોર્ટનો સિક્કો — જી.જી.પટેલ, રજિસ્ટ્રારશ્રી, એડી.ચીફ.જ્યુડી, મેજી.કોર્ટ, ઝાલોદ

**જાહેર નોટીસ** — અરજદારના વ.શ્રી જી.સી.મછાર

**ઝાલોદના મહે.એડી.ચીફ જયુડી, મેજિસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ઝાલોદ**

ક્રિ. પ. અર. નં. ૪૨૬/૨૦૨૬, મુદત તારીખ - ૨૩/૦૯/૨૦૨૬

અરજદારઃ દામા કલસીંગભાઇ નરસીંગભાઇ રહેવાસીઃ નિશાળ ફળીયુ, ટિમાચી, તા. ઝાલોદ, જી. દાહોદ

સામાવાળાઃ તલાટી કમ મંત્રી, રામપુરા, રહેવાસીઃ ગ્રુપ ગ્રામ પંચાયત, રામપુરા, તા. ઝાલોદ, જી. દાહોદ

જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મ નોંધ કરાવવા અન્વયે નોટીસ

આથી આ નોટીસથી જાહેર જનતા તેમજ લાગતા વળગતા હિત ધરાવતા તમામ ઇસમોને આ નોટીસથી જણાવવામાં આવે છે કે, આ કામના અરજદારના પુત્ર રાજવીરભાઇ કલસીંગભાઇ દામાનો જન્મ તા. ૨૩/૦૨/૨૦૧૫ના રોજ ટિમાચી મુકામે થયેલો જે તે સમયે કાયદાના અજ્ઞાનતા અને અભણ હોવાના કારણે તેમના પુત્રની જન્મ નોંધણી સામાવાળા ત.ક.મંત્રીના જન્મ રજીસ્ટરે કરાવવાની રહી ગયેલ, હાલમા તેઓનાં પુત્રને અભ્યાસ માટે તથા અન્ય સરકારી કામકાજ મટે જન્મના દાખલાની જરૂર પડેલ જેથી સામાવાળા ત.ક.મંત્રીને અરજી કરતા રેકર્ડ તપાસી તા. ૨૪/૦૮/૨૦૨૬ના રોજ એવો દાખલો લખી આપેલ કે, તેમના પુત્રનુ જન્મ રજીસ્ટરમાં નોંધાયેલ નથી અને જન્મનો દાખલો મેળવવવા માટે અત્રેની નામદાર કોર્ટમાં ફોજદારી પરચુરણ અરજી નં.૪૨૬/૨૦૨૬ થી થી દાખલ કરેલ છે. સદરહું જન્મનો દાખલો અરજદારના પુત્રને આપવા સામે જે કોઇ ઇસમો કે લાગતા વળગતાને વાંધો યા તકરાર હોય તો તેઓએ મુદત તારીખ - ૨૩/૦૯/૨૦૨૬ ના રોજ સવારના ૧૦:૩૦ કલાકે નામદાર કોર્ટમાં વાંધો યા તકરાર રજુ કરવા. જો તેમ કરવામાં કસુર કરશો તો નામદાર કોર્ટ યોગ્ય તે હુકમ કરશે જેની નોંધ લેશો.

આજ તારીખ ૨૧મી સપ્ટેમ્બર સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

તૈયાર કરનાર (પી.પી.ગોંડલીયા) આસીસ્ટન્ટ — કોર્ટનો સિક્કો — જી.જી.પટેલ, રજિસ્ટ્રારશ્રી, એડી.ચીફ.જ્યુડી, મેજી.કોર્ટ, ઝાલોદ

**જાહેર નોટીસ** — અરજદારના વિ.વ.શ્રી મારફતે

**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ગરબાડાની કોર્ટમાં**

કેસ. નં. ૭૬૬/૨૦૨૬ તા. ૧૩/૦૮/૨૦૨૬

અરજદારઃ મેડા મુકેશભાઈ શકરાભાઈ રહે. બોરીયાલા, તા. ગરબાડા, જી. દાહોદ

સામાવાળાઃ તલાટી કમ મંત્રીશ્રી, ટુંકીવજુ, તા. ગરબાડા, જી. દાહોદ

જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મ નોંધ કરાવવા અન્વયે નોટીસ

આથી તમામ લાગતા વળગતા ઇસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી મેડા મુકેશભાઈ શકરાભાઈ ના પુત્ર મેડા રાજ મુકેશભાઈ નો જન્મ તા. ૧૬/૦૯/૨૦૧૪ નારોજ મોજે, ગામ, બોરીયાલા, તા. ગરબાડા, જી. દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારના પુત્ર નો જન્મ થયેલ ત્યારે અરજદાર દ્વારા જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી, બોરીયાલા, તા. ગરબાડા, જી. દાહોદ ના જન્મ મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પુત્ર ના જન્મના દાખલાની જરૂરિયાત હોઇ અરજદારે જન્મ મરણ અધિનિયમની કલમ નંઃ ૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે. જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતાં જે કોઈ ઈસમને વાંધો, વિરોધ કે તકરાર હોય તો તેઓએ દિન ૧૫ (પંદર) માં કે પહેલા જાતે કે વકીલશ્રી મારફત અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસૂર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.

તારીખઃ ૧૩/૦૮/૨૦૨૬ — સ્થળઃ ગરબાડા — કોર્ટનો સિક્કો — એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ગરબાડા